GJAH020131912026

Presented on : 06-08-2026
Registered on : 07-08-2026
Decided on : 10-08-2026
**Duration :**

---

**અમદાવાદનાં મે.અધિક સત્ર ન્યાયાધીશશ્રી જે.આઇ.પટેલ સાહેબની**

**કોર્ટ નં.૬ મુ. અમદાવાદ.(બેઇલ કોર્ટ)**

**ક્રિ.પ.અ.નં.૫૮૨૧/૨૦૨૬**

અરજદાર/ આરોપી : **૧. ભાવેશભાઇ નારણભાઇ શેટીયા**
ઉ.વ.આ.૨૨,ધર્મે–હિન્દુ, ધંધો–વેપાર,
રહે–મ.નં.૨૦૭, ચાચર ચોક, મોચી પાડા એફ વોર્ડ, કુબેરનગર, અમદાવાદ.

**૨. નીતીન મહેશભાઇ પરમાર**
ઉ.વ.આ.૧૯,ધર્મે–હિન્દુ,ધંધો–અભ્યાસ,
રહે–મ.નં.૧૯૩, એફ વોર્ડ, કુબેરનગર,અમદાવાદ.

**૩. પરેશ ઉર્ફે ધુલો ગોરધનભાઇ ગોહિલ**
ઉ.વ.આ.૧૯,ધર્મે–હિન્દુ,ધંધો–બેકાર,
રહે–મ.નં.૨૧૯,એફ વોર્ડ, મોટવાણી ગલી, કુબેરનગર, અમદાવાદ.
(હાલ સાબરમતી સેન્ટ્રલ જેલ, અમદાવાદ)

**વિરુધ્ધ.**

સામાવાળા : **સરકાર શ્રી**

---

અરજદાર તરફે : – વિ.વ.શ્રી આર.ડી.વાઘેલા

સામાવાળા તરફે :– વિ.એ.પી.પી.શ્રી

---

## ચુકાદો

(૧) આ કામના અરજદાર/આરોપીઓ વિરુધ્ધ સરદારનગર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુના રજીસ્ટર નંબર:–૧૧૧૯૧૦૪૦૨૬૧૫૪૫/૨૦૨૬, ધી બી.એન.એસ.ની

કલમ–૧૧૫(૨), ૧૧૮(૧), ૧૧૮(૨), ૧૧૭(૨), ૩૫૧(૨), ૩૫૨, ૫૪, ૧૮૯(૨), ૧૯૦, ૧૯૧(૨), ૧૨૫(૨) વિગેરે મુજબ ગુનો નોંધાયેલ હોય, અરજદાર/આરોપીઓ હાલ જ્યુડીશ્યલ કસ્ટડીમાં હોય, તેઓને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા સારુ ધી બી.એન.એસ.એસ ની કલમ ૪૮૩ મુજબ હાલની રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલી છે.

**(૨)** જામીન અરજી રજુ થતા વિ.એ.પી.પી.શ્રીને નોટીસ કાઢવામાં આવેલ છે જે અન્વયે વિ.એ.પી.પી.શ્રી હાજર થયેલ છે તેમજ તપાસ કરનાર અમલદારે આંક–૫ થી એફિડેવીટ રજુ કરેલ છે. મુળ ફરીયાદી તરફે આંક–૭ થી લખિત વાંધા તેમજ આંક–૮ ના લિસ્ટથી ઈજા પામનારના ફોટોગ્રાફ્સ રજુ કરેલ છે.

**(૩)** અરજદાર/આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રીએ જામીન અરજીની હકીકતો આગળ ધરી દલીલ કરી જણાવેલ છે કે, હાલના અરજદારો તદ્ન નિર્દોષ અને બેગુનાહ છે, અરજદારોએ ગુનામાં કોઈ ભાગ ભજવેલ નથી અને ખોટી રીતે ગુનામાં સંડોવી દીધેલ છે. અરજદારોએ સીધી કે આડકતરી રીતે કોઈ ભાગ ભજવેલો નથી. ફરીયાદમાં અરજદારોનું કોઈ નામ કે વર્ણન કે સ્પષ્ટ રોલ બતાવેલ નથી. ફક્ત ખોટી શંકાના આધારે અટક કરેલ છે. ઈજા પામનારને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવેલ છે અને તેઓ ભયમુકત છે. આ કામે રીકવરી ડીસ્કવરી થઈ ગયેલ છે. હાલનો બનાવ તા.૨૮.૦૬.૨૦૨૬ ના રો બનેલો છે જ્યારે ફરીયાદ તા.૦૩.૦૭.૨૦૨૬ ના રોજ આપવામાં આવેલી છે. આમ ફરીયાદ પાંચ દિવસ મોડી દાખલ કરેલ છે જે બદલ ફરીયાદીએ કોઈ ખુલાસો કરેલો નથી. અરજદાર નં. ૨ અભ્યાસ કરે છે. અરજદારો વિરુધ્ધ લાકડીથી માંથામાં માર મારેલાનો આક્ષેપ છે. ટ્રાયલ ચાલતા ઘણો સમય પસાર થાય તેમ હોય, અરજદારો અમદાવાદના કામયી રહીશ હોય, નાસી ભાગી જાય તેમ ન હોય તેમજ નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવાની ખાતરી આપે

છે તે તમામ કારણો ધ્યાને લઇ, અરજદારોને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

(૪) સામાવાળા સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીએ તપાસ કરનાર અધિકારીએ રજુ કરેલ એફીડેવીટ અન્વયે દલીલ કરી જણાવેલ છે કે, હાલના અરજદારો તથા અન્ય અરજદાર/આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી, ગેરકાયદેસર મંડળીના સભ્યો બની ઈજા પામનારને લાકડીથી માથામાં તેમજ આંખ ઉપર ઈજા પહોંચડતા આંખ નિકળી ગયેલ છે અને ઈજા પામનાર એક માસ જેટલું હોસ્પિટલમાં રહેલ છે. આરોપીઓ ઓળખાયેલા છે જ્યારે અન્ય સહઆરોપીઓ સી.સી.ટી.વી.કુટેજના આધારે ઓળખાયેલ છે. હાલ ગુનાની તપાસ ચાલુ હોય, અરજદારો વિરુધ્ધ ગંભીર ગુનાનો આક્ષેપ હોય, હાલના ગુનાની ગંભીરતા ધ્યાને લઇ અરજદારની જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૫) આ કામે મુળ ફરીયાદી તરફે આંક–૭ થી લેખિત વાંધા રજુ કરેલ છે જેમાં મુખ્યત્વે આ કામે મુખ્ય આરોપીને અટક કરવાનો બાકી છે તેમજ આરોપીઓ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે તેમજ ફરીયાદીના પરિવારને જાનનું જોખમ રહેલ છે તેમજ ફરીયાદીને આંખને ખુબજ મોટુ કાયમી નુકશાન થયેલ છે અને આંખે દેખાતુ પણ નથી અને જડબામાં પ્લેટો નંખાવેલ છે અને એક મહિનો નવ દિવસ સિવિલ હોસ્પિટલમાં એડમીટ રહેલ છે. તેઓએ આંક–૮ ના લીસ્ટથી ઈજાના ફોટોગ્રાફ્સ પણ રજુ કરેલ છે અને અરજદારોના સગાઓ ઘરે આવી સમાધાન કરવા માટે સતત દબાણ કર્યા કરે છે અને જાનથી મારી નાંખવાની ધમકી આપે છે. તે તમામ હકીકતો ધ્યાને લઇ હાલની અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૬) બંન્ને પક્ષકારોની રજુઆતો તેમજ પોલીસ તપાસના કાગળો તથા તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું તેમજ તપાસના કાગળો વંચાણે લીધા તેમજ મુળ

ફરીયાદીના વાંધા વંચાણે લીધા. આ કામે તા.૨૮.૦૬.૨૦૨૬ ના કલાક ૦૦.૪૦ વાગે ફરીયાદી તેમજ તેના બે મિત્રો મો.સા. લઇ કુબેરનગરમાં આવેલ ઇમરાન તવાને ત્યાં જમવા જઇ રહ્યા હતા ત્યારે કેવલ કચોરી ખાતે, ફરીયાદીના બીજા મિત્ર રવી સોલંકી મળતા ત્યાં ઉભા રહેલા ત્યારે ત્યાં અજાણ્યા ત્રણ ઇસમો એક્ટીવા લઇ પસાર થઇ રહ્યા હતા તેમાં કોઇ એક ઇસમ ફરીયાદીના મિત્ર પ્રકાશની સામે જોઇ કહેલ કે તુ કેમ અમારી સામે જોવે છે. તું દસ મિનિટ રે હું આવું છું તેમ કહી જતો રહેલ. બાદમાં ફરીયાદી તેમજ તેમના મિત્રો ડરી જતા ત્યાંથી નિકળી ગયેલ અને કુબેરનગર માલદાસ મહારાજ ચોક ખાતે આવેલ મોચાની ચ્હાની કિટલી પાસે ઉભા હતા ત્યારે આરોપી અનિલ તથા રાણા રાઇસ વાળાનો દિકરો તેમજ અન્ય બે અજાણ્યા ઇસમો આવી જતા ફરીયાદી તેમજ તેમના મિત્ર રાહુલ અને પ્રકાશ ત્યાંથી ભાગવા લાગેલ ત્યારે આરોપીઓએ ફરીયાદી તેમજ તેના મિત્રોનો પીછો કરી, એકબીજાની મદદગારી કરી લાકડાના દંડા વડે માર મારી તેમાં કોઇ એક ઇસમે ફરીયાદીને માથાના ભાગે તેમજ જમણી આંકના ભાગે તેમજ બંન્ને હાથ પર લાકડાના દંડા વડે માર મારી ગંભીર ઇજાઓ પહોંચાડેલાનો આક્ષેપ છે. આ કામે તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું તેમજ મુળ ફરીયાદીના વાંધા વંચાણે લેતા, ફરીયાદી એક માસ નવ દિવસ જેટલો સમય હોસ્પિટલમાં રહીને સારવાર કરાવેલ છે. હાલના અરજદારોએ લવાકડીથી માથામાં તથા આંખ ઉપર ઇજા કરતા આંખ નિકળી ગયેલાનો આક્ષેપ છે. અરજદારોનો ગુનાના કામે રોલ ધ્યાને લેતા તેમજ ગુનાની ગંભીરતા ધ્યાને લેતા, હાલ ગુનાની તપાસ ચાલુ હોય, અરજદારોને જામીન મુકત કરવામાં આવે તો, ફરીથી આવા ગુના આચરે તેવી શક્યતા વ્યકિત કરવામાં આવેલી છે તે તમામ કારણો ધ્યાને લેતા, અરજદાર/આરોપીઓને જામીન મુક્ત કરવા વિવેકાધિન સત્તાનો ઉપયોગ કરવો ન્યાયી અને વ્યાજબી જણાતું ન હોય, નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**-: આ ખ રી હુ ક મ :-**

સરદારનગર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુના રજીસ્ટર નંબર:- ૧૧૧૯૧૦૪૦૨૬૧૫૪૫/૨૦૨૬, મુજબના ગુનાના કામે હાલના અરજદાર/આરોપી નં.**(૧) ભાવેશભાઈ નારણભાઈ શેટીયા નં.(૨) નિતીન મહેશભાઈ પરમાર તથા નં.(૩) પેરશ ઉર્ફે ધુલો ગોરધનભાઈ ગોહિલ** નાઓની હાલની રેગ્યુલર જામીન અરજી આથી ના-મંજુર કરવામાં આવે છે.

જરુરી યાદીઓ કરવી.

આ હુકમ આજરોજ તારીખ **૧૦** મી માહે **ઓગષ્ટ** સને **૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવેલ છે.

સ્થળઃ અમદાવાદ
તારીખઃ૧૦.૦૮.૨૦૨૬

(જયેશકુમાર ઈશ્વરલાલ પટેલ)
જજ, સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ,
અદાલત નંબરઃ ૬,(બેઈલ કોર્ટ)
અમદાવાદ.
**યુનિક આઈ.ડી નંબરઃ GJ00646**

//hdp//